કોરોના કોર્નર

- માણેકચોકનું ચોકસી મહાજન સોના-ચાંદી બજાર બે દિવસ સંપુર્ણ બંધ રાખશે.
- માધુપુરા માર્કેટ બપોરે ૩.૦૦ વાગ્યા બાદ એક સપ્તાહ બંધ રહેશે.
- રાજકોટ માર્કેટયાર્ડના ચેરમેન ડી.કે. સબીયા કોરોનાથી સંક્રમિત.
- જૂનાગઢના ધારાસભ્ય ભીખાભાઈ જોષી કોરોનાથી સંક્રમિત.
- લાંભા બળિયાદેવ મંદિર આવતીકાલથી અનિશ્ચિત મુદત સુધી બંધ રહેશે.
- ડાકોરનું રણછોડરાય મંદિર પણ અનિશ્ચિતકાળ સુધી બંધ રહેશે.
- અમદાવાદમાં ૧૦૮ એમ્બ્યુલન્સ માટે ચાર-ચાર કલાકનું વેઈટીંગ.
- ગુજરાત સરકારના કેબીનેટ મંત્રી ઈશ્વરભાઈ પરમાર પણ કોરોનાથી સંક્રમિત.
- ઊંઝા ઉમિયા ધામ આજથી અનિશ્ચિત મુદત સુધી બંધ રહેશે.
- આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક અધ્યક્ષ ડૉ. પ્રવિણ તોગડીયા કોરોનાથી સંક્રમિત થતાં હોમ આઈસોલેટ થયા.
- સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઈજનેર સુથારનું કોરોનાથી નિધન.
- મુંબઈમાં હોસ્પિટલોમાં ઓક્સિજન ઓછો પડતાં સાત દર્દીઓના મોત.
- દિલ્હીમાં સાકેત અને કુતુબમિનાર મેટ્રો સ્ટેશન તકેદારીના ભાગરૂપે બંધ કરાયા.
- લીમડી શહેરના તમામ બજારો ૧૮મી સુધી બંધ રહેશે.
- અમદાવાદ જીએમડીસી કન્વેન્શન સેન્ટર ખાતે ૭૦૦ બેડની હોસ્પિટલ તાત્કાલિક ઉભી કરવા સરકારના પ્રયાસ.
- ગુજરાતમાં પણ ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષા મોકુફ રહેવાની શક્યતા.
- સુરતમાં કોરોનાથી સંક્રમિત થતાં ૧૧ દિવસના બાળકને વેન્ટિલેશન પર રખાયો.
- કોરોનાની બીજી લહેરમાં બેરોજગારીનો દર એપ્રિલમાં વધીને ૮.૬ ટકા થયો.
- સીબીએસસીની પરીક્ષા મોકુફ રાખવા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની માંગણી.
- શક્તિપીઠ અંબાજી મંદિર પણ આજથી દર્શનાર્થીઓ માટે બંધ કરાયું.
- સુરતમાં વધુ એક સ્મશાનગૃહ રાતોરાત ખોલાયુ.
- વિશ્વમાં સૌથી મોટુ કોરોના હોટસ્પોટ બન્યુ મહારાષ્ટ્ર.
- કેન્દ્રિયમંત્રી સંતોષ ગંગવાલ અને ભાજપના નેતા અનિતા બલુની કોરોનાથી સંક્રમિત.
- કુંભમેળામાં શાહી સ્નાન દરમ્યાન ૧૦૨ ભક્તોને કોરોના રિપોર્ટ પોઝીટીવ.
- લીમડી નગરપાલિકાના ભાજપના સભ્ય ડાહ્યાભાઈ ખોંદલા કોરોના સામેનો જંગ હારી ગયા.

રાજ્યમાં સ્ફોટક બનતું સંક્રમણ નવા ૬૬૯૦ કેસ

રાજ્યભરમાં કોરોના કેટલાક દિવસથી ૧૦%ના દરે વધે છે : અમદાવાદમાં સૌથી વધુ ૨૨૫૧ નોંધાતા શહેરમાં કેટલી ગંભીર સ્થિતિ સર્જાઈ છે : રાજ્યમાં ૬૭ દર્દીઓના મોત

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી જાણે કોરોનાના કેસ રોજના ૧૦ ટકાના દરે વધી રહ્યા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. રાજ્યમાં ગઈકાલે ડેઈલી કેસનો આંકડો છ હજારને પાર પહોંચ્યો હતો, જે આજે ૧૦ ટકા વધીને ૬૬૦૦ને પાર કરી ગયો છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૨૨૫૧ નોંધાતા શહેરમાં કેટલી ગંભીર સ્થિતિ સર્જાઈ છે તે વાતનો સ્પષ્ટ નિર્દેષ મળી રહ્યો છે. અમદાવાદ બાદ ૧૨૬૪ કેસ સાથે સુરત બીજા નંબરે છે. આમ, રાજ્યમાં નોંધાયેલા કુલ કેસોમાંથી ૫૦ ટકા તો માત્ર અમદાવાદ અને સુરતમાં જ નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ચાર દિવસ પહેલા નવા કેસનો આંકડો પાંચ હજારને પાર થયો, તેના બીજા જ દિવસે ૫૫૦૦થી વધુ કેસ નોંધાયા હતા, અને પછી નવા કેસોનો આંકડો ૬૦૦૦ને પાર પહોંચ્યો હતો, જે આજે ૬૬૯૦ને આંબી ગયો છે.

આમ, રાજ્યમાં નોંધાયેલા કુલ કેસોમાંથી ૫૦ ટકા તો માત્ર અમદાવાદ અને સુરતમાં જ નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ચાર દિવસ પહેલા નવા કેસનો આંકડો પાંચ હજારને પાર થયો, તેના બીજા જ દિવસે ૫૫૦૦થી વધુ કેસ નોંધાયા હતા, અને પછી નવા કેસોનો આંકડો ૬૦૦૦ને પાર પહોંચ્યો હતો, જે આજે ૬૬૯૦ને આંબી ગયો છે.

આજે રાજ્યમાં મૃત્યુઆંક પણ વધીને ૬૭ પર પહોંચી ગયો છે. જેમાં સૌથી વધુ ૨૩ લોકોના મોત અમદાવાદમાં જ્યારે ૨૨ લોકોના સુરત શહેરમાં મોત થયા છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ કરતાં અડધા એક્ટિવ કેસ હોવા છતાંય સુરત મૃત્યુઆંકની બાબતમાં અમદાવાદની લગોલગ ચાલી રહ્યું છે. આ સિવાય રાજકોટમાં ૫, વડોદરામાં ૪, સુરત ગ્રામ્યમાં ૩, બનાસકાંઠામાં ૨, રાજકોટ ગ્રામ્યમાં ૨, આણંદ, ભરુચ, છોટા ઉદેપુર, ગાંધીનગર, જુનાગઢ અને સાબરકાંઠામાં ૧-૧ દર્દીના મોત થયા છે.

સરકારી આંકડા અનુસાર, હાલ રાજ્યમાં ૩૪,૫૫૫ દર્દીઓ સારવાર હેઠળ છે, જેમાંથી ૨૨૧ દર્દીઓ વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે અને ૩૪,૩૩૪ દર્દીઓ સ્ટેબલ છે. આજે હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ અપાયો હોય તેવા દર્દીઓની સંખ્યા ૨,૭૪૮ થાય છે.

એક તરફ સરકારી હોસ્પિટલોમાં એમ્બ્યુલન્સોની લાંબી-લાંબી લાઈનોના દ્રશ્યો લોકોને ડરાવી રહ્યા છે, ત્યારે બીજી તરફ રુપિયા આપીને પ્રાઈવેટ હોસ્પિટલમાં ટ્રીટમેન્ટ લેવા માગતા લોકોની પણ હવે કફોડી હાલત થઈ રહી છે. આજ સવારના આંકડા અનુસાર, અમદાવાદની પ્રાઈવેટ હોસ્પિટલોમાં આઈસીયુ અને વેન્ટિલેટરવાળા બેડ ૯૭ ટકા જેટલા ફુલ થઈ ગયા છે. આમ, પ્રાઈવેટ હોસ્પિટલોમાં ક્રિટિકલ હાલતમાં રહેલા દર્દીઓને સારવાર આપવા હવે ભાગ્યે જ જગ્યા બચી છે.

બાયડની ડૉ. વિશ્વા ગાંધી એમ.બી.બી.એસ.માં ડીસ્ટીંક્શન સાથે ઉત્તિર્ણ

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૩ બાયડના જાણીતા સર્જન ડૉ.મિનેષભાઈ સી. ગાંધી(વિશ્વા

સર્જીકલ હોસ્પિટલ-બાયડ) અને દિપાબેન ગાંધી(પ્રમુખ : જાયન્ટ્સ ગ્રૂપ બાયડ સાહેલી)ની પુત્રી ડૉ.વિશ્વા ગાંધીએ ગુજરાત યુનિ. દ્વારા લેવાયેલ ફાઈન યર એમ.બી.બી.એસ. પરીક્ષામાં ૭૦ ટકા મેરીટ સાથે ઉત્તિર્ણ થઈ સમસ્ત પરિવાર બાયડ-સાકરીયા ગામનું ગૌરવ વધારતાં સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

બાયડમાં એક જ દિવસમાં રેપિડ ટેસ્ટમાં ૨૮ લોકો પોઝિટિવ

પ્રજાએ સાવધાની રાખવાની જરૂરી, બચવા માટે માસ્કનો ઉપયોગ કરો

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૩ બાયડ તાલુકામાં કોરોના વિસ્ફોટનું વાવાઝોડું ફુંકાયું છે. મંગળવારે એક જ દિવસમાં રેપિડ ટેસ્ટમાં ૨૮ લોકો પોઝિટિવ આવતાં તેમને ફરજીયાત હોમ ક્વોરન્ટાઈન કરાયા છે. જે પૈકી ૨૦ લોકો બાયડના હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારના ૮ લોકો પોઝિટિવ છે.

છેલ્લા કેટલાય સમયથી બાયડના બજારમાં સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાનું ભુલાયું છે તેમજ બહારથી આવતા ચેપગ્રસ્ત લોકોના કારણે બાયડમાં કોરોનાનું સંક્રમણ ભયાવહ હોવાની જે આશંકા હતી તે સાચી ઠરી રહી છે. આવી સ્થિતિ લાંબા સમય ચાલશે તો બાયડમાં ઘેર..ઘેર કોરોનાના ચેપગ્રસ્ત દર્દીઓ હશે તેવો ભય હાવિ થઈ ગયો છે. બાયડ તાલુકા હેલ્થ અધિકારી ડૉ.ધર્મેન્દ્રભાઈ પરમારે જણાવ્યું કે મંગળવારે કરાયેલા રેપિડ ટેસ્ટમાં કુલ-૨૮ લોકો પોઝિટિવ આવ્યા છે. જે તમામને હોમ ક્વોરન્ટાઈન કરવાની સાથે તેમના પરિવારના અને સંપર્કમાં આવેલા તમામ લોકોનું ટેસ્ટીંગ કરવામાં આવશે.

હિંમતનગર સિવિલમાં ૨૫૦૦ લોકોનો આર.ટી.પી.સી.આર. રિપોર્ટ પેન્ડીંગ

સાબરકાંઠાના પાટનગર હિંમતનગર સિવિલમાં ૨૫૦૦ લોકોના આર.ટી.પી.સી.આર. રિપોર્ટ પેન્ડીંગ હોવાની જાણકારી સામે આવી છે. એક તરફ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. પ્રજાને આર.ટી.પી.સી.આર. રિપોર્ટ કરવા હોય તો સરકારી દવાખાનામાં સેમ્પલ લેવામાં આવે છે અને હિંમતનગર મોકલવામાં આવે છે પરંતુ અહીંયાં સેમ્પલોનો એટલી હદે ભરાવો થઈ ગયો છે કે કોરોનાનો સિવિયર કેસ હોય તો પણ ૩ દિવસ પછી પણ ખ્યાલ આવતો નથી કારણ કે રિપોર્ટ જ પેન્ડીંગ હોય છે. અંદરના સૂત્રો જણાવે છે કે ૧૫૦ ની કેપેસીટીવાળા મશીનમાં ૧૫૦૦ થી વધુના આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવે છે. જિલ્લામાં આરોગ્ય વિષયક વધુ સુવિધાઓ તત્કાલ ઉભી કરવી જોઈએ તેવું પ્રજા ઈચ્છી રહી છે.

રેકોર્ડબ્રેક...

- **છેલ્લા પાનાનું ચાલુ**

અધિકારી, ઉદ્યોગભવનનો કર્મયોગી, આઈ.ટી. બિજનેશનમેન, જીઈબીનો કર્મયોગી, સિંચાઈ વિભાગના કર્મયોગી, પોલીસભવનનો કર્મયોગી, સિક્યોરીટી, નાયબ સેક્શન અધિકારી, ખાનગી રેસ્ટોરન્ટના એકાઉન્ટન્ટ અને ઝેરોક્ષના વેપારીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં ૨૨ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મોટી વયના લોકોની સંખ્યા પણ નોંધપાત્ર છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાંથી ૩ ને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં મહિલાઓ અને મોટીવયના લોકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે ત્યારે તંત્રએ અનિવાર્ય ના હોય તો ઘરની બહાર ન નીકળવા માટે લોકોને અપીલ પુનઃ દોહરાવી છે. તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા તેમજ ફરજીયાત માસ્ક પહેરવાનો આગ્રહ પણ અપીલ દ્વારા કર્યો છે.

શહેરમાં આજે સે. ૩૦ માંથી ૧૧ કેસ, સે. ૨ માંથી ૯ કેસ, સે. ૩-એ-ન્યુ માંથી ૬ કેસ, સે. ૨૪ અને ૨૭ માંથી પાંચ-પાંચ કેસ, સે. ૩ માંથી ૪ કેસ, જીઈબી અને સે. ૨૧ માંથી ૩-૩ કેસ, સે. ૭ અને સે. ૮ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૧૬, ૧૯, ૨૦ અને ૨૮ માંથી ૧-૧ કેસ મળી આવેલ છે.

શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા વધીને ૬૦૦ ને પાર કરી ગઈ છે. આજે વધુ ૨૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા પણ ૫૦૦ ના આંકને પાર કરી ગઈ છે. તંત્ર દ્વારા શહેરમાં નવ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

શહેરમાં વધતા જતા સંક્રમણના કેસોને પગલે તંત્રએ પણ આગામી દિવસોમાં કડક પગલાં ભરવાની વિચારણા હાથ ધરી હોવાનો સંકેત મળ્યો છે. જેમાં શોપીંગ સેન્ટરોમાં બપોરના સમય સુધી જ વેપાર માટેની છુટ આપવામાં આવશે. શહેરમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને પગલે તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સીંગ ન જાળવતા લોકો સામે પણ પગલાં લેવા માટે મન બનાવી લીધુ હોવાનું જાણવા મળેલ છે.

નામ બદલેલ છે

જૂનું નામ સિંધી રોનકકુમાર જગદીશકુમાર હતું તે બદલીને હવે નવું નામ મુલાણી રોનકકુમાર જગદીશભાઈ રાખેલ છે.
રહે : દેસાઈની પોળ, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા-૩૮૩૨૦૫

દુ:ખદ અવસાન

બાયડના શશીકાન્તભાઈ ચંદુભાઈ ભાટીયા (નિવૃત્ત કર્મચારી

: પ્રાઈમ કો.ઓપ.બેન્ક, બાયડ)ના સાળા અને મનોજભાઈ કે. ભાટીયાના સસરા ગણપતલાલ છગનલાલ ભાટીયા (વડોદરા)નું નિધન થયેલ છે.

જાહેર સૂચના

આથી જાહેર કરવામાં આવે છે કે ગુજરાત ના સ્ટેટ લેવલ એન્વાયરોમેન્ટલ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરિટી દ્વારા ૧૪/૦૯/૨૦૦૬ પર્યાવરણ અસર સમીક્ષા અધિનિયમ અંતર્ગત અમો **પોલારીસ બિલ્ડકોન** ને એફ.પી. નં.૩૮૦+૩૮૨, સર્વે. નં. જૂનો ૩૮૦/પી. (નવો ૧૦૧), ૩૮૨/પી (નવો ૧૦૨), રાંધેજા, ગાંધીનગર મુકામે બાંધકામ પરિયોજના **"પોલારીસ સ્પર્શ"** માટે પર્યાવરણ મંજુરી આપવામાં આવેલ છે.
અમોને જારી કરવામાં આવેલ મંજુરી પત્ર ક્રમાંક: SEIAA/GUJ/EC/8(a)/454/2020 ની નકલ અમારી પાસે, સ્ટેટ લેવલ એન્વાયરોમેન્ટલ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરિટી પાસે અને સ્ટેટ લેવલ એન્વાયરોમેન્ટલ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરિટી વેબસાઈટ www.seiaa.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.

વિમલ બી. ધામી (ભાગીદાર)
સ્થળ : ગાંધીનગર